# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સેવા કરો, સુખી બનો

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

શિયાળાનો સમય હતો. આકાશમાં અરુણોદય થઈ રહ્યો હતો અને સૂર્યનારાયણ તેમના સાત ઘોડા જોડેલા રથમાં બેસી પૃથ્વીને તેમના કોમળ કિરણોથી સ્પર્શ કરી હૂંફાળી-હુંફાળી બનાવી રહ્યા હતા. આકાશમાં પણ વાદળોના વિવિધ આકાર રચાઈ રહ્યા હતા અને વાદળોની વચમાંથી રશ્મિબીંબો પૃથ્વીને સ્પર્શ કરી રહ્યા હતા. આકાશ પણ કોઈ સિધ્ધ હસ્ત ચિતારાઓએ રંગના શેરડા માર્યા હોય તેમ વિવિધ રંગથી શોભી રહ્યું હતું. એવા સુંદર પ્રભાતે ઘનશ્યામમહારાજ વહેલા ઉઠી ગયા હતા.

આજની વાત નથી, ઘનશ્યામમહારાજ બાળપણથી જ બ્રાહ્મમુહૂર્તમાં ઉઠી જતા. હા, તો બાળ મિત્રો, શું સમજયા ? આપણે ક્યારે ઉઠી જવું જોઈએ ? સૂર્યોદય થઈ જાય, માનવો અને વાહનોની ચહલ પહલ વધી જાય પછી ઊઠવું જોઈએ કે તે પહેલાં બ્રાહ્મમૂહુર્તમાં ? તમે બધા કેવા સમજું અને શાણા છો. બધા જ એકી અવાજે બોલી ઉઠ્યા છો - બ્રાહ્મમૂહુર્તમાં. હા, બ્રાહ્મમૂહુર્તમાં ઊઠવાથી બળ અને બુધ્ધિ વધે. બુધ્ધિમાં મેધાવી શક્તિ આવે. એટલે પ્રભુ આપણા ઉપદેશ માટે હંમેશા વહેલા ઉઠી જતા.

ઉત્તર પ્રદેશ અને તેમાં વસેલું ધરતીના સ્વર્ગ સમું છપૈયા ધામઅને ગુલાબી ગુલાબી ઠંડીની મૌસમ-અતિ રળિયામણું લાગતુ હતું. આવા પ્રભાતના સમયે ભક્તિમાતાને થયું લાવ ત્યારે ઘનશ્યામ જાગી જ ગયા છે તો બીજાં કામ પછી કરીશ, હા, તેમના જાગ્યા પહેલાં મેં કપીલા ગાયને દોહીને દૂધ તો તૈયાર જ રાખ્યું છે. તેમને નવડાવી, પછી પ્રભુને દૂધ જમાડી પછી બીજા કામે લાગું તો મારા ઘનશ્યામને ક્ષુધાની પીડા ભોગવવી ન પડે. દૂધ ગરમ કરી લીધા પછી ચૂલામાં અગ્નિ પેટાવેલો જ હતો. તેથી એક તપેલામાં પાણી ગરમ કરવા મૂક્યું. હુંફાળુ-હુંફાળુ ગરમ થયું. એટલે આંગણાના ચોકમાં બે નાની માંચી ગોઠવી તાંબા કુંડીમાં ગરમ પાણી લીધું. અગર ચંદનનો લેપ લીધો. પહેરાવવા માટે સ્વચ્છ ધોયેલા કપડા-ટુવાલ વગેરે ગોઠવી - એક માંચી ઉપર ઘનશ્યામને બેસાડ્યા અને બીજી માચી ઉપર પોતે બિરાજ્યાં અને જ્યાં એક લોટી જળ પ્રભુ ઉપર રેડ્યું, ત્યાં તો પ્રભુએ માતાજીને ન સમજાય તેવું ચરિત્ર શરૂ કર્યું અને મોટે મોટેથી રડવા માંડ્યા. માતાજીને થયું પાણી વધુ ગરમ થઈ ગયું હશે. લાવ, ત્યારે ઉમેરવા માટે બીજું ઠંડુ જળ લઈ આવું, માતાજી તો ચોકમાંથી ઉતાવળા ઉતાવળા ઘરમાં ઠંડુ પાણી લેવા ગયા ત્યાં તો આકાશમાંથી સ્નાન લીલાનાં દર્શન કરવા ઉભેલા ત્રણેય દેવોએ છપૈયાની પવિત્ર ભૂમિ ઉપર મનુષ્ય સ્વરૂપે ઉતરાણ કર્યું અને પોતે પોતાના સ્વ હાથો વડે પ્રભુને સ્નાન કરાવવા લાગ્યા અને પ્રભુને કહેવા લાગ્યા. હે જગદાધાર ! આજે તો તમે રડવાની લીલા કરી માતાજીને દૂર કર્યા અમને સેવાનો લાભ આપવા માટે તમારો બહુ જ મોટો ઉપકાર અમારી ઉપર છે. તમારી સેવા કરી અમે ધન્ય ભાગી થયા. આમ કહે છે ત્યાં તો ઠંડા જળનું પાત્ર ભરી માતાજી બહાર ચોકમાં આવ્યાં તો ત્રણ અજાણ્યા પુરુષો ઘનશ્યામમહારાજને સ્નાન કરાવી રહ્યાં હતા. આ દૃશ્ય જોઈ માતાજી પહેલા તો હેબતાઈ જ ગયાં પછી હિંમત કરી પૂછ્યું, તમે ત્રણે કોણ છો? અને મારા ઘનશ્યામને કેમ સ્નાન કરાવો છો ?

ત્યારે ત્રણેય મનુષ્યાકાર આકૃતિએ જવાબ વાળ્યો. માતાજી, ચિંતા ન કરશો અમે ત્રણેય બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છીએ. પ્રભુની સ્નાન લીલાનાં દર્શન કરવા આવ્યા હતા. આ તો તમે અંદર ગયા એટલા સમયમાં અમને સેવાની તક મળી એટલે પ્રભુને સ્નાન કરાવવાની સેવા કરી. ત્રણેયે કહ્યું, માતાજી તમારા આ ઘનશ્યામ તો સાક્ષાત્ પરમાત્મા છે. પછી તે ત્રણેય પોતાના નિજ સ્વરૂપમાં આવ્યા. માતાજીને દર્શન દઈ અદૃશ્ય થઈ ગયા. પછી ભક્તિમાતાએ પ્રભુને સ્વચ્છ, કોમળ રૂમાલ વડે શરીર લુછી, નવાં વાઘા-વસ્ત્ર ધારણ કરાવ્યા. નેણમાં કાજળ લગાવી ગાલે ટપકું કર્યું. મારા ઘનશ્યામને નજર ન લાગે. પછી કપીલા ગાયનું સાકર નાખેલું - હુંફાળુ દૂધ શ્રીહરિને નૈવેદ્ય તરીકે દીધું. જે પ્રભુએ હસતે મુખે સ્વીકાર્યું. પાન કરી, માતાજીને પોતાના સાનિધ્યનું સુખ આપતા ફળિયામાં રમવા લાગ્યા. માતાજી ગૃહકાર્યમાં લાગ્યા.

હા, તો બાળકો જોયું ને દેવાએ પણ પ્રભુને સ્નાન કરાવવાનો અવસર જોઈને સેવાની તક ઝડપી લીધી. તો આ ચરિત્રમાંથી આપણે શું શીખીશું ? આપણે એ શીખીશું કે, સેવા બતાવવાની વસ્તુ નથી. સમય આવે ત્યારે સેવાની તક જતી કરવી નહિ, સેવા કરીને અને પોતાના ધન્ય ભાગ્ય માનવાં કે આજે મને સેવા કરવાની તક મળી. જીવનભર યાદ રાખવું કે સુખની ચાવી સેવા છે. માટે સેવા કરો અને સુખીયા બનો.

●

### હરિ હરતિ પાપાનિ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ભયંકર લાગતો જોબન વડતાલો, ભક્ત કેવી રીતે થયો ? માથું વાઢનારો જોબન વડતાલો, શીશ નમાવતા કેવી રીતે થયો? ગામ લૂંટનારો જોબન વડતાલો, સંસ્કારોના ઘરેણા સાચવતો કેવી રીતે થયો ?

સર્જન ડોકટરનો સંપર્ક સાધીને શરીરના બધા અંગોના ઓપરેશન જોઈ શકાય છે. પણ મનમાં ભરાયેલા દોષ (પાપ, અત્યાચાર, ભ્રષ્ટાચાર, વિકૃતિ) દૂર કરવાનું ઓપરેશન જોઈ નથી શકાતું પણ શ્રધ્ધાથી સ્વીકાર તો કરી જ શકાય છે. જોબનપગીનું ઓપરેશન શ્રીજી મહારાજે કેવી રીતે કર્યું ? કેવા સંજોગોના સર્જનથી આ શક્ય બન્યું ? તેની સુંદર કથા વાંચીએ.

જોબન પગી ડભાણ ગયેલો. શા માટે ગયેલો ? ત્યાં યજ્ઞ થતો હતો. એટલે સ્વયં સેવક તરીકે સેવા આપવા ન હોતો ગયો. એ તો દુષ્ટ ચિત્તથી ગયો હતો, સુજનતાથી નહોતો ગયો. સ્વામિનારાયણ ભગવાને જેતલપુર પછી ડભાણમાં મહાયજ્ઞ ચાલુ કર્યો. લાખો હરિભક્તો આવેલા. એટલે આ ત્યાં પહોંચી ગયો. પણ એનું ચિત્ત દુષ્ટ હતું. એમાં કોઈ સેવા ભાવ નહોતો. સમર્પણ ભાવ નહોતો. એણે સાંભળેલું સ્વામિનારાયણ ભગવાનની માણકી ઘોડી અદ્‌ભુત છે. શું એ ઘોડીની ઝડપ છે ! ચાબુક તો અડાડવો જ પડતો નથી. અસવારને ઓળખીને આકાશમાં ઉડવા માંડે એવી અલૌકિક ઘોડી છે. આ ઘોડી ગમે તે રીતે મારે લઈ લેવી છે. આવા દુષ્ટભાવ સાથે વડતાલથી ડભાણ પહોંચી ગયો. ત્યાં તો હથિયાર બંધ કાઠી દરબારો ચોકી કરે છે. અરે હથિયાર થી ડરે એ બીજા ! મારે તો બંને વસ્તુ ફાવે છે. હું બળથી કામ કરી શકું છું અને કળથી કામ કરી જાણું છું. ડભાણ જઈને કળનો ઉપયોગ કરીશ. બળનો નહિં.

નાજા જોગિયા ઘોડશાળની ચોકી કરતા હતા. જોબન પગીએ જોઈ લીધું. જ્યાં જુઓ ત્યાં તિલક ચાંલ્લાવાળા. જ્યાં જુઓ ત્યાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ થાય છે. એટલે આપણે એવું જ ચાલુ કરી દેવું પડશે. કળ વાપરવી છે. જે હરિભક્ત મળે જય સ્વામિનારાયણ. જય સ્વામિનારાયણ એટલે.

''હરિ હરતિ પાપાનિ દુષ્ટ ચિતૈરપિ સ્મૃત''

દુષ્ટ ચિત્ત હોવા છતાં ભગવાનનું સ્મરણ કરે એના પાપ હરાઈ જાય છે. નાજા જોગિયા થોડા સ્વભાવથી ભોળા હતાં. ચોકીદારની જેને ફરજ આવે એને ભોળા ન રહેવાય. બધું ધ્યાન રાખવાનું, પીરસવાવાળો ભોળવાય તો કંઈ નહી. પેલો બે લાડુ વધારે લઈ જાય પણ જેને સિક્યોરીટીમાં ઉભા રાખ્યો હોય તે એવું ન વિચારી શકે કે કંઈ વાંધો નહિ. બિચારા દૂરથી આવે છે ને ! એમ ન ચાલે. એણે તો બાજ નજરથી જોવું પડે. પણ નાજા જોગિયા ભોળા હતાં. કંઈ વાંધો નહિ. પણ ભગવાન તો ભોળા નહોતાને ! બાપુ મારે માણકી ઘોડીના દર્શન કરવા છે. માણકી ઘોડીનાં દર્શન કરીને શું કામ છે ! અરે લાખો માણસોમાં મહારાજના દર્શનનો લાભ મળતો નથી. લાખો માણસોમાં હું મહારાજના ચરણનો સ્પર્શ કરી શકતો નથી. એટલે મને થયું કે મહારાજના ચરણનો સ્પર્શ નહિ થાય તો કંઈ નહિ પણ મહારાજ જેના ઉપર બિરાજે છે એ ઘોડીનો સ્પર્શ કરી લઉં તો પણ મારો બેડો પાર થઈ જાય. નાજા જોગિયાએ વિચાર્યું. બિચારો કેવો મહિમાવાળો છે ? અંદર લઈ ગયાને માણકી ઘોડી ઓળખાવી દીધી. જોબનને તો એજ જોઈતું હતું. આ બધા બહું ઘોડા બાંધ્યા છે. એમાં માણકી ઘોડી કઈ ? એણે બરાબર ઓળખી લીધી. હવે આજ રાત્રે જોઈ લો. ઝપાટો. ભગવાન કહે છે. ઝપાટો થશે પણ કોનો થશે ! કેવી રીતનો થશે ! અને જોબનપગી પોતાના સાજ સજીને રાતના તૈયાર થઈ ગયો. ઘોડી છોડીને નીકળી જ જાઉં. મનમાં અખંડ સ્વામિનારાયણ નામની રટના ચાલુ છે. ઘોડી કોની ? સ્વામિનારાયણની અને ઘોડશાળના કમ્પાઉન્ડ ઉપરથી અંદર નજર કરી તો ચમક્યો અરે આ તો સ્વામિનારાયણ ભગવાન પોતેજ છે ! રાતના દોઢ વાગે ઘોડી ઉપર હાથ ફેરવતા હતા. આટલા બધા માણસો છે. બધા સેવા કરે છે ને ! સ્વામિનારાયણ પ્રભુ જાતે આવીને રાત્રીના સમયે ઘોડીની સાર સંભાળ લે છે. એ તો હમણાં જતા રહેશે. પાછો દિવાલ ઓથે બેસી ગયો. એ વખતે વીજળીનો જમાનો નહોતો. એટલે અંધારૂ ધબ હતું. થોડીવાર પછી ફરીથી જોયું તો સ્વામિનારાયણ ભગવાન ઘોડશાળમાં આંટા મારે છે ! શું આખી રાત ઘોડશાળમાં બેસી રહેતા હશે ! એવી રીતે આખી રાત્રી એને ભગવાનના દિવ્ય સ્વરૂપના દર્શન થયાં. રાત્રે પણ જેને ઉંઘમાં જાગીને ભગવાનનું સ્મરણ થાય તેનાં પાપ ટકે નહિ. એ રીતે જોબનપગીના પાપ ભગવાને હરિ લીધાં. ખેંચી લીધા. જેની આબરૂ ખરાબ હતી. લૂંટારા તરીકેની ખ્યાતિ હતી. એટલે કુખ્યાત માણસ પરમભક્ત તરીકે પ્રખ્યાત બની ગયો.

મિત્રો ! ભગવાન તો શરણાગત વત્સલ છે. એકવાર પણ સાચા ભાવે જે ભગવાનના શરણે જાય તો ભગવાન તેના અનંત પાપોને હરી લે છે. અને તેને નિર્મળ બનાવી દે છે. માટે ભગવાનનું નામ છે ''હરિ''

જનમંગલમાં શતાનંદ સ્વામીએ ભગવાનના ૧૦૮ નામમાં એક નામ''હરિ'' લખ્યું છે.

''હરિનો અર્થ જે હરણ કરી લે એને હરિ કહેવાય.''

ભગવાન પાપને હરિ લે છે. માટે ભગવાનનું નામ હરિ છે. કોના પાપ હરે છે ? જે એનું સ્મરણ કરે તેના પાપ હરિ લે છે. જે એનું ચિંતન કરે. ભગવાનના નામનો જપ કરે એનાં પાપ ઠાકોરજી હરિ લે છે.